# સાબરકાંઠા, અરવલ્લીના ઈંટ ઉદ્યોગને ૨૫ કરોડથી વધુ નુકસાન

## કાચી ઈંટો ભીંજાઈ ગઈ, ભઠ્ઠા પાણીમાં ગરકાંવ, સરકાર દ્વારા સહાય પેકેજ જાહેર થાય










તાઉ-તે વાવાઝોડા પછી અનેક ક્ષેત્રમાં તબાહીના દ્રશ્યો સામે આવી રહ્યા છે. સાબરકાંઠા, અરવલ્લીમાં વરસેલા દોઢ થી પાંચ ઈંચ ધોધમાર વરસાદમાં સાબરકાંઠા, અરવલ્લીના ઈંટ ઉદ્યોગને રૂા.૨૫ કરોડથી વધુનું નુક્સાનનો અંદાજ છે. કાચી ઈંટો ભીંજાઈ ગઈ છે, ભઠ્ઠા પાણીમાં ગરકાંવ થયા છે. જેથી સરકાર દ્વારા સહાય પેકેજ જાહેર કરવામાં આવે.

જિલ્લાની પ્રજા અને ખેડૂતો જૂન મહિનાના પ્રથમ સપ્તાહમાં સમયસર ચોમાસાની રાહ જોઈને બેઠા હતા તેવા સમયે એકાએક તાઉ-તે વાવાઝોડાએ ગુજરાત ઉપર આક્રમણ કર્યું. વાવાઝોડાથી સૌરાષ્ટ્રના ૪ થી વધુ જિલ્લાઓમાં મોટી તબાહી છે પરંતુ અન્ય જિલ્લાઓમાં પણ ભયંકર વાવાઝોડાએ ખેતી, ઉદ્યોગ સહિતના અનેક ક્ષેત્રમાં તબાહી સર્જી છે અને તેના ઉપર સહાયનો મલમપટ્ટો આચમનરૂપ હશે તો ખેડૂતો અને ઉદ્યોગકારોને બેઠા કરવા મુશ્કેલ થઈ પડશે કારણ કે છેલ્લા ૧૪ મહિનાથી કોરોનાના કારણે ખેડુતો અને ઉદ્યોગકારો પાયમાલ થઈ ગયા હતા અને ત્યાં વધુ એક વાવાઝોડાનારૂપમાં કુદરતની થપાટે સરકારના ગ્રોથ એન્જીન ગણાતા બંન્ને ઉદ્યોગ તહસ નહસ થયા છે. જિલ્લાના બાયડ, ધનસુરા, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, મોડાસા, વડાલી, ખેડબ્રહ્મા સહિતના વિસ્તારોમાં વાવાઝોડા સાથે ભારે વરસાદ વરસ્યો જેથી તૈયાર ઈંટો પલળી જવા સાથે ઓગળી ગઈ છે અને ભઠ્ઠાઓમાં પણ પાણી ભરાયાં છે. જેથી ગુજરાત બ્રિક્સ મેન્યુફેક્ચર ફેડરેશન દ્વારા સરકારને રજૂઆત કરી ઈંટ ઉદ્યોગને આર્થિક સહાય આપવાની માંગ કરી છે. સાબરકાંઠા, અરવલ્લીમાં ખાસ કરીને બાયડ, ધનસુરા, પ્રાંતિજ, તલોદ, હિંમતનગર અને મોડાસાના ઈંટ ઉદ્યોગને સર્વાધિક નુક્સાન પહોંચ્યાના પ્રારંભિક તારણો બહાર આવ્યા છે.

### પારાવાર યાતના આપી તેની સજા કઈ..??

# હિંમતનગરની જાણીતી લેબમાં દર્દીનો મ્યુકર માઈકોસિસનો ખોટો રિપોર્ટ અપાતાં હોબાળો

### રોગ ન હોવા છતાં પોઝિટિવ રિપોર્ટ આપ્યો, દર્દીના સગાઓ સમક્ષ મેનેજમેન્ટે માફી માંગી..!!



INFOCUS DIAGNOSTICS
Avishkar Hosp. ~~AMBAWADI~~ Himmatnagar

| NAME | USHABEN A PATEL | AGE/SEX | 51 YRS / F |
|---|---|---|---|
| REF.BY | DR. BHAGAT RAM SOMANI | DATE | 20/05/2021 |

MRI OF PNS:
Technique: MR imaging of the paranasal sinuses performed and high resolution T1 and T2-weighted serial sections obtained in the sagittal and axial planes on a 1.5T scanner. Coronal images and gradient images were also obtained.

Findings:

Bilateral concha bullosa involving middle turbinate with minimal fluid collection on left side.
Antero-inferior nasal septal defect.

No evidence of invasive mucosal thickening. No evidence of abnormal T2 hypointense soft tissue to suggest fungal infection.

Normal appearance of paranasal sinuses.

No abnormality involving orbits, premaxillary space, retromaxillary space, bilateral sphenopalatine foramina, pterygopalatine fossa, pterygomaxillary fissure, infratemporal fossa, cavernous and intracranial region.

Rest of the nasal cavity, pharynx, and imaged parapharyngeal structures show no abnormalities.

IMPRESSION:-

- Bilateral concha bullosa involving middle turbinate with minimal fluid collection on left side.
- No MR evidence of invasive sinusitis / fungal infection. No evidence of abnormal T2 hypointense soft tissue to suggest fungal infection.
- No abnormality involving orbits, premaxillary space, retromaxillary space, bilateral sphenopalatine foramina, pterygopalatine fossa, pterygomaxillary fissure, infratemporal fossa, cavernous and intracranial region.

Viewed and Reported by
DR. TUSHAR DESAI
CONSULTANT RADIOLOGIST,
(INFOCUS DIAGNOSTICS AHMEDABAD)
Note: This reporting is done by tele-radiology facility hence there is no need for signature.

Ground Floor, Sanoma Plaza, Opp. Parimal Garden, Nr. JMC House, Ambawadi, Ahmedabad - 380 006.
Phone : 079 - 26402206 / 07 / 40085969 E-Mail : info.infocusdiagnostics@gmail.com www.infocusdiagnostics.com
• 1.5T MRI • 16 slice MDCT • Digital X-ray / O.P.G. • Sonography Colour Doppler • Interventional Radiology

બાયડ, તા.૨૨

હિંમતનગરની આવિષ્કાર હોસ્પિટલના કેમ્પસમાં આવેલી ઈનફોકસ ડાયગ્નોસ્ટીક લેબની ગંભીર બેદરકારી સામે આવી છે. મહિલાને મ્યુકરમાઈકોસિસ ચેપ લાગ્યો ન હોવા છતાં ચેપ લાગ્યાનો રિપોર્ટ આપ્યા પછી તાબડતોબ મહિલાને સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવી પરંતુ ત્યાં ફરીથી લેબોરેટરી પરીક્ષણ કરાવતાં હિંમતનગર લેબ દ્વારા આપવામાં આવેલો રિપોર્ટ ખોટો હોવાનું જણાતાં સગાઓએ લેબમાં આવી હોબાળો મચાવતાં ખળભળાટ મચ્યો છે. દર્દીઓ પાસેથી મસમોટી રકમ ખંખેરતી લેબના છબરડાના કારણે પટેલ પરિવારે ૧૦ કલાક સુધી જે માનસિક યાતનાઓ ભોગવી તેની સજા શું..?? જાણવા મળ્યા મુજબ દર્દીના સગાઓ સમક્ષ મેનેજમેન્ટે માફી માગી લેતાં મામલો સમેટાયો છે પરંતુ અત્યાર સુધી જાણીતી લેબ દ્વારા કેટલા દર્દીઓને આવા ખોટા રિપોર્ટ આપ્યા હશે..?? તેની ચર્ચાઓ જોરમાં છે.

કોરોનાની મહામારી દરમ્યાન અનેક માનવતાના દ્રશ્યો સામે આવ્યા તો કેટલાક માનવતાના દુશ્મનો બન્યાના દ્રશ્યો પણ જોવા મળ્યા. ગુજરાતમાં નકલી રેમડેસિવિર ઈન્જેક્શન બનાવવાની ફેક્ટરી ઝડપાઈ ત્યારે સનસનાટી મચી ગઈ. સમય જતાં બધું આટોપાઈ જશે પરંતુ જેના ઉપર વીતી છે કે જેને સ્વજનો ગુમાવ્યા છે તેમની વેદના કોણ સમજશે..?? કોરોના મહામારીને હરાવનારા કેટલાક દર્દીઓ મ્યુકરમાઈકોસિસના રોગચાળામાં સપડાયા છે ત્યારે ઉષાબેન પટેલ નામના દર્દી નવા રોગથી સંક્રમિત થયા હોવાની આશંકાના પગલે ડાૅક્ટરના રેફરન્સથી હિંમતનગરની ઈનફોકસ ડાયગ્નોસ્ટીક લેબોરેટરીમાં તા.૨૦ મે.-૨૦૨૧ના રોજ રિપોર્ટ કઢાવવામાં આવ્યો જેમાં મહિલાના એમ.આર.આઈ. રિપોર્ટમાં મ્યુકરમાઈકોસિસ હોવાનું જણાતાં મધ્યમ વર્ગીય પટેલ પરિવાર સ્તબ્ધ બન્યો. તાબડતોબ પરિવારની મીટીંગ યોજાઈ. દર્દીને બચાવવા માટે ખાનગી હોસ્પિટલમાં જવું હોય તો રૂા.૨૫ લાખનો ખર્ચ થાય તે પરવડે તેમ ન હતો છેવટે રિપોર્ટના આધારે અમદાવાદ સિવિલમાં સારવાર લેવાનું નક્કી કર્યું. દર્દીને બીજા દિવસ સવારે ૬-૦૦ વાગે અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યા જ્યાં ૨ કલાક રિપોર્ટીંગ પછી તજજ્ઞ ૩ ડાૅક્ટરોએ મહિલા દર્દીનું નિરીક્ષણ કરી એન્ડોસ્કોપી, બાયોપ્સી સહિતના રિપોર્ટ નવેસરથી કઢાવ્યા અને તેમાં મહિલા મ્યુકરમાઈકોસિસના રોગથી સંક્રમિત ન હોવાનું નિદાન આવ્યું. જેથી પરિવારમાં ખુશાલી દેખાઈ અને છેવટે અમદાવાદના જાણીતા ડાૅક્ટર પાસે ત્રીજું ઓપીનિયન લેવાનો નિર્ણય કર્યો. જ્યાં ડાૅક્ટરે મહિલા દર્દીને ચકાસ્યા પછી એમ.આર.આઈ. કરવા સૂચન કર્યું પટેલ પરિવારે જણાવ્યું કે અમારી આર્થિક પરિસ્થિતિ સારી નથી પરંતુ ડાૅક્ટરે તમારે ૨૫ લાખ ખર્ચવા છે કે ૫૦૦૦ તેવો સોસરવો સવાલ કર્યો. મહિલાના સબંધી વાત સમજી ગયા અને તાબડતોબ એમ.આર.આઈ. કરવામાં આવી જેમાં રિપોર્ટ નોર્મલ આવ્યો જેથી સૌ ખુશ થતા ઘરે આવ્યા પરંતુ મહિલાના જાગ્રત સબંધીએ ખોટા રિપોર્ટના કારણે પોતાના પરિવારે જે માનસિક યાતનાઓ ભોગવી તેને લઈને આવિષ્કાર હોસ્પિટલ કેમ્પસમાં આવેલ ઈનફોકસ ડાયગ્નેસ્ટીક સેન્ટરમાં પહોંચ્યા જ્યાં મેનેજમેન્ટે મળવાનો ઈન્કાર કર્યો છેવટે મીડીયા સુધી વાત પહોંચાડવાની વાત જણાવતાં મેનેજમેન્ટ હરકતમાં આવ્યું. લેબના સત્તાવાળાઓને પણ રિપોર્ટમાં ભાંગરો વટાયો છે તેવું જણાતાં માફી માગ્યાની વિગતો પણ સામે આવી છે.



### આરોગ્ય વિભાગ લેબ સંચાલકો સામે પગલાં ભરે..

હિંમતનગરની મહિલાને મ્યુકર માઈકોસિસના રોગનું લેબ પરીક્ષણમાં ખોટું નિદાન કરનાર ઈનફોકસ ડાયગ્નોસ્ટીક લેબના જવાબદારોની બેદરકારીના કારણે પટેલ પરિવારે આખો દિવસ માનસિક યાતનાઓ ભોગવી અમદાવાદમાં એક હોસ્પિટલથી બીજી હોસ્પિટલ ફરતા રહ્યા ત્યારે એમ.ડી. પેથોલોજીની ફોજ સાથે રિપોર્ટ ચકાસતા અને ગ્રાહકો પાસેથી કોરોનાના કપરાકાળમાં પણ ધરાઈને ફી વસુલતા લેબ સંચાલકો સામે યોગ્ય પગલાં આરોગ્ય વિભાગ ભરશે ખરૂં..??

# સાબરકાંઠા-અરવલ્લીમાં સારવાર લેતા મ્યુકરમાઈકોસિસના દર્દીઓ માટે ઈન્જેક્શન લેવા અમદાવાદ-ગાંધીનગરની દોટ

### સ્થાનિક જિલ્લા કક્ષાએ વ્યવસ્થા કરવા દર્દીના સગાઓની માંગ, પડતા ઉપર પાટુનો ઘા, સારવાર માટેના ઈન્જેક્શન મોંઘા થયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

રાજ્ય સહિત સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોના પછી મ્યુકરમાઈકોસિસનો રોગચાળો વકરી રહ્યો છે. અત્યાર સુધીમાં ૩ દર્દીનો ભોગ લીધો છે ત્યારે જિલ્લાની ખાનગી અને હિંમતનગર સિવિલમાં સારવાર લેતા દર્દીઓ માટે ઈન્જેક્શન લેવા અમદાવાદ અને ગાંધીનગર જવું પડે છે ત્યારે સ્થાનિક જિલ્લા કક્ષાએ વ્યવસ્થા કરવા દર્દીઓના સગાઓએ માંગ કરી છે. સરકાર અને આરોગ્ય તંત્ર વેળાસર યોગ્ય આયોજન નહીં કરે તો મ્યુકરમાઈકોસિસના રોગ માટે જરૂરી એમ્ફોટેરીસીન-બી. ઈન્જેક્શનના કાળા બજાર શરૂ થવાનો ભય હાવિ થયો છે. દર્દીઓના સગાઓ માટે શનિવારે પડતા ઉપર પાટુના ઘા જેવી સ્થિતિ છે. મ્યુકરમાઈકોસિસની સારવાર માટે એમ્ફોટેરીસીન-બી.નો ભાવ રૂા.૨૯૦૦ થી ૩૩૦૦ હતો તેમાં વધારો કરીને રૂા.૪૫૬૩ થી ૫૯૫૦ કરવામાં આવ્યો છે. સારવાર લેતા દર્દીને તેના વજન પ્રમાણે ૯૦ થી ૧૪૦ જેટલા ઈન્જેક્શન આપવાના હોય છે.

કોરોનાના કપરા કાળમાં કોરોનાગ્રસ્ત દર્દીઓને બચાવવા માટે ડાૅક્ટર, પેરામેડીકલ સ્ટાફ અને સગાઓ જીવ સટોસટની લડાઈ લડી રહ્યા હતા ત્યારે મોતના સોદાગરોએ રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજાર અને નકલી ઈન્જેક્શન વેચી પોતાની રાક્ષસી વૃત્તિ છતી કરી હતી. કાળા બજાર કરનારા જામીન ઉપર મુક્ત થઈને ફરી રહ્યા છે. સજા જ્યારે થાય ત્યારે ખરી પરંતુ સમયસર દર્દીઓને રેમડેસિવિર ઈન્જેક્શન ન મળતાં કેટલાક દર્દીઓ મોતને ભેટ્યા છે તે પાછા ક્યારેય આવવાના નથી જેથી મોતના સોદાગરોને દાખલારૂપ સજા થવી જોઈએ તેવો સાર્વત્રિક સૂર સાંભળવા મળ્યો છે અને હવે સાબરકાંઠા, અરવલ્લીમાં મ્યુકરમાઈકોસિસના દર્દીઓમાં ઉછાળો આવ્યો છે. માત્ર જિલ્લામાં સારવાર લેતા દર્દીઓની આરોગ્ય વિભાગ પાસે નોંધ છે પરંતુ અમદાવાદ, વડોદરા અને ગાંધીનગરમાં જિલ્લાના દર્દીઓ સારવાર લે છે તેની કોઈ જાણકારી તંત્ર પાસે નથી તે જોતાં દર્દીઓની સંખ્યા ચોંકાવનારી હોઈ શકે. જાણવા મળ્યા મુજબ મોડાસાની ૩ અને હિંમતનગરની જી.એમ.ઈ.આર.એસ.માં મ્યુકરમાઈકોસિસના દર્દીઓની સારવાર થઈ રહી છે પરંતુ ઈન્જેક્શન લેવા માટે સરકારની ગાઈડલાઈન મુજબ અમદાવાદ, ગાંધીનગરથી નિયત કરાયેલા સેન્ટર ઉપરથી ઈન્જેક્શન મળતા હોવાથી દોટ લગાવવી પડે છે ત્યારે જિલ્લામાં બેલગામ બનેલા મ્યુકરમાઈકોસિસના રોગને ધ્યાને રાખીને જિલ્લામાં ઈન્જેક્શન મળી રહે તેવી સુવિધા આરોગ્ય વિભાગે ઉભી કરવી જોઈએ.

### બાયડમાં ૭થી વધુ શંકાસ્પદ કેસ હોવાની આશંકા..

અરવલ્લી જિલ્લામાં મ્યુકરમાઈકોસિસની બિમારીનો ચિંતાજનક ફેલાવો થઈ રહ્યો છે. જિલ્લા ઉપરાંત મહિસાગર જિલ્લાના દર્દીઓ પણ જિલ્લાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે આવી રહ્યા છે ત્યારે બહાર આવેલી વિગતો અનુસાર બાયડમાં પણ ૭ થી વધુ શંકાસ્પદ કેસ હોવાની આશંકા છે. જો કે આરોગ્ય તંત્ર પાસે આ અંગેની કોઈ જાણકારી નથી.

### વાત્રક-મોડાસામાં મ્યુકરમાઈકોસિસ દર્દીઓ માટે સારવાર શરૂ કરો..

કોરોનામાં પાયમાલ થયેલા અનેક પરિવારો માટે હવે મ્યુકરમાઈકોસિસના વકરતા રોગચાળાએ ઉંઘ હરામ કરી દીધી છે અને આ માટે જરૂરી ઈન્જેક્શન પણ મોટી માત્રામાં લેવા પડતા હોય છે જે ગરીબ અને મધ્યમ પરિવારના દર્દી માટે મુશ્કેલ છે આ સંજોગોમાં સરકાર દ્વારા વાત્રક અને મોડાસામાં સરકારી ધોરણે મ્યુકરમાઈકોસિસના દર્દીઓ માટે સારવાર તાત્કાલિક શરૂ કરવી જોઈએ કારણ કે ગુજરાત સરકારે મ્યુકરમાઈકોસિસને મહામારી જાહેર કરી પરંતુ સારવાર માટે ઉપલબ્ધિઓ કેટલી છે..?? તેની પણ વિગતો ચકાસવી જોઈએ.

## લાયન્સ કલબ-બાયડના પ્રથમ ઉપપ્રમુખ, અતુલભાઈ પટેલની નિયુક્તિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

લાયન્સ કલબ-બાયડના પ્રથમ ઉપપ્રમુખ તરીકે જાણીતા કેળવણીકાર, સમાજ સુધારક,



રાષ્ટ્ર પ્રેમી તક્ષશિલા વિદ્યાલય-બાયડના સંચાલક અતુલભાઈ બી. પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

તેઓ વર્ષ-૨૦૨૨-૨૩ દરમ્યાન લાયન્સ કલબ-બાયડના પ્રમુખ તરીકે પદ્મનામિત થશે. લાયન્સ-લીઓ કલબ-બાયડને તેમના સર્વોચ્ચ વિચારો અને આયોજનનો મહત્વનો લાભ મળશે. તેમની નિયુક્તિને લાયન્સ નેતાઓ તેમજ બાયડના અગ્રણી નાગરિકોએ આવકારી અભિનંદન પાઠવ્યા છે.

### અરવલ્લીમાં નાયબ મામલતદારનાં બચવા માટેનાં હવાતિયાં

# ખેડૂતને કામ નહીં પતે તો પૈસા પાછા આપવાની હૈયાધારણા આપી

### અત્યાર સુધીમાં મહાશયે કેટલાં ખોટાં કામ કર્યા તેની તપાસ કરો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

અરવલ્લી જિલ્લામાં કામ પાર પાડવા રૂા.૧ લાખ ખંખેર્યા પછી નાયબ મામલતદારે ૪ મહિના સુધી કામ ન કરતાં ભૂરાંટા બનેલા ખેડૂતે નાયબ મામલતદારને મારવા માટે પાછળ દોડતાં સનસનાટી મચી ગઈ છે. ગાંધીનગર સમાચારમાં અહેવાલ પ્રસિદ્ધ થયા પછી નાયબ મામલતદારે બચવા માટે હવાતિયાં શરૂ કર્યા છે. શનિવારે રજા હોવા છતાં નાયબ મામલતદાર ખેડૂતના સગાના ત્યાં પહોંચ્યા હતા અને કામ નહીં પતે તો પૈસા પાછા આપવાની હૈયાધારણા આપી હોવાની ગરમા ગરમ ચર્ચા ચાલી રહી છે. ત્યારે સવાલ એ થાય છે કે અત્યાર સુધીમાં મહાશયે કેટલાં ખોટાં કામ કર્યા..?? તેની તપાસ કરો.

જિલ્લામાં બદલીઓમાં પણ આખી લાઈન ચાલતી હોવાની લોકચર્ચા છે અને તેમાં મોટાભાગે તથ્ય પણ હોય છે અનેક નાયબ મામલતદારોને મહેસૂલ, પુરવઠા, ઈ-ધરા જેવા મલાઈદાર ટેબલ આપવામાં આવે છે તો કેટલાક પ્રતિભાશાળી નાયબ મામલતદારોને હોંશિયામાં ધકેલી દઈને દબાણસેલ, સર્કલ જેવી કામગીરી સોંપવામાં આવે છે ત્યારે અરવલ્લી જિલ્લામાં વર્ષોથી પડ્યા પાથર્યા રહેલા અને પૈસો એ જ મારો પરમેશ્વર..ની જેમ જીવન જીવતા નાયબ મામલતદારે ખેડૂતને વિવાદિત જમીન પોતાના નામે કરી આપવા માટેની હૈયાધારણા આપી રૂા.૧ લાખ ખંખેર્યા હતા અને ૪ મહિના સુધી ખેડૂતને પાછળ પાછળ ફેરવ્યા પછી પણ કામ ન થતાં આર્થિક ભીડમાં આવેલા ખેડૂતે પિત્તો ગુમાવ્યો અને મામલતદાર કચેરી નજીક જ આવેલા એક સ્થળે નાયબ મામલતદારને જોતાંની સાથે જ મારા પૈસા પાછા આપી દે તેમ કહી તાડૂકીને પાછળ પડતાં આ મામલો સમગ્ર મહેસૂલ કર્મચારીઓમાં ટોક ઓફ ધ ટાઉન બની ગયો છે ત્યારે પૈસા ખંખેરતા નાયબ મામલતદારે અત્યાર સુધીમાં કેટલાં કાળાં કામ કર્યા છે તેની નવેસરથી તપાસ થાય તે જરૂરી છે. ખેડૂત પોલીસ ફરિયાદ કરે છે કે પછી મામલો દબાવી દેશે તેના ઉપર પણ સૌની નજર ટેકવાઈ છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ઘરમાં રહો
સુરક્ષિત રહો

## કાવા ગામના ખેડૂતના પેક હાઉસમાંથી ૬૬,૦૦૦ના એરંડાની તસ્કરી

બાયડ / ઈડર, તા.૨૨

ઈડર તાલુકાના કાવા ગામના ખેડૂત રમણભાઈ માધાભાઈ પટેલના ખેતરમાં આવેલા પાકા પેકહાઉસની બારીના સળીયા કાઢી તસ્કરો રૂા.૬૬,૦૦૦ની કિંમતના ૨૨ બોરી એરંડાની તસ્કરી કરી પલાયન થઈ જતાં કોરોના કાળમાં ખેડૂતના માથે પડતા ઉપર પાટુના ઘા સમાન સ્થિતિ સર્જાઈ છે. બનાવ અંગે ઈડર પોલીસે અજાણ્યા તસ્કરો વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જિલ્લામાં કોરાના સહિત અન્ય ગંભીર રોગચાળાએ તરખાટ મચાવ્યો છે. માર્કેટયાર્ડો બંધ હોવાથી ખેડૂતો પાક ઉપજ વેચવા જઈ શક્યા ન હતા અને પોતાના ખેતરમાંના પેકહાઉસમાં તૈયાર પાક સંગ્રહીત કર્યો હતો. ત્યારે ઈડરના કાવાના ખેડૂતે પેકહાઉસમાં રૂા.૬૬,૦૦૦ની કિંમતના એરંડા બોરીમાં ભરીને મૂકી રાખ્યા હતા. જેથી કોઈ જાણભેદુ તસ્કરોએ તા.૧૬ થી ૧૮ મે. દરમ્યાન બારીના બે સળીયા કાઢી એરંડા ભરેલી બોરીની તસ્કરી કરી ગયા હતા. જો કે પાલીસને કોઈ જાણભેદુએ જ તસ્કરી કર્યાની આશંકા છે અને તે દિશામાં તપાસ શરૂ કરી છે.